# તા. ૨૩-૧૦-૨૦૧૮ થી તા. ૨૯-૧૦-૨૦૧૮ સુધીની સારી કામગીરી

## રાજકોટ ગ્રામ્ય રાજકોટ

1. **વિરપુર ગુરૂકુળ જવા ના રસ્તે નેશનલ હાઇવે ઉપરથી વિદેશી દારૂનો જથ્થો પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ રાજકોટ રૂરલ રાજકોટ**

   રાજકોટ ગ્રામ્ય પોલીસ વડા શ્રી બલરામ મીણા સાહેબની સુચના મુજબ ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી એચ.એ.જાડેજા તથા એલ.સી.બી. સ્ટાફના પો.હેડ કોન્સ. મહિપાલસિંહ જાડેજા,અનીલભાઇ ગુજરાતી તથા પો.કોન્સ. જયેન્દ્રસિંહ વાઘેલા , રહીમ ભાઈ દલ, દિવ્યેશભાઇ સુવા સાથે મળી પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હકિકત આધારે વિરપુર નેશનલ હાઇવે ગુરૂકુળ જવા ના રસ્તા ઉપરથી(૧) કિશોર રાજાભાઈ કનારા આહિર રહે- ઉપલેટા ચકલીચોરા પાસે(૨) વીમલ રમેશભાઈ મકવાણા આહિર રે.ઉપલેટા સોનલનગરવાળાઓને ઈગ્લીશ દારૂની અલગ અલગ બાન્ડ ની તથા માપની બોટલ નંગ ૨૯ .રૂ.૧૫,૦૦૦/- ની તથા બીયર ટીન નંગ- ૧૨૦ કિ.રૂ.૧૨,૦૦૦/- મળી કુલ કિં.રૂ. ૨૭,૦૦૦/- તથા ટાટા ટ્રક નં. GJ-10 x 5645 તથા તથા અન્ય મુદામાલ સાથે મળી કુલ મુદામાલ કિ. રૂ.૩,૨૭,૫૦૦ /- સાથે પકડી પાડી વિરપુર પો.સ્ટે. માં ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહિ કરેલ છે.

2. **પ્રોહી બીશનના ગુનામાં છેલ્લા આઠેક મહીનાથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. બ્રાંચ**

   પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબ રાજકોટ ગ્રામ્ય રાજકોટના ઓ દ્રારા જિલ્લામા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે અસરકારક કાર્યવાહી કરવા સુચના કરેલ હોય,આજરોજ તા.૨૪/૧૦/૨૦૧૮ ના પોલીસ ઈન્સ. શ્રી એમ.એન.રાણા તથા પો.સ.ઈન્સ.શ્રી વાય.બી.રાણા, તથા એસ.ઓ.જી. શાખાના પોલીસ કર્મચારીઓ સાથે એસ.ઓ.જી.ને લગતી કામગીરીમા ગોંડલ શહેર વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન હે.પો.કો. વિજયભાઇ ચાવડા તથા જયરાજસિંહ રાણા નાઓને બાતમીરાહે મળેલ હકિકત મળેલ કે ગોંડલ સીટી પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.-૩૦/૨૦૧૮ પ્રોહી ક.-૬૫ઇ, ૧૧૬બી,૮૧ ના કામના નાસતા ફારતા આરોપી વિશાલગીરી હરેશગીરી ગોસ્વામી જાતે બાવજી રહે જુનાગઢ વાળા ગોંડલ માલધારી હોટેલે ઉભો છે તેવી ચોક્કસ હક્કિત મળતા તુરંત જ મળેલ હક્કિત મુજબ હોટેલ પર આવી ત્યાં ઉભેલ ઇસમ નું નામઠામ પુંછતા પોતે પોતાનુના વિશાલગીરી હરેશગીરી ગોસ્વામી ઉ.વ.-૨૯ રહે.-જુનાગઢ વાળો હોવાનુ જણાવેલ જેથી મજકુર ઇસમ ગોંડલ સીટી પોલીસ સ્ટેશન ના ગુના નંબર ૩૦/૨૦૧૮ના કામે નાસ્તો ફરતો હોય મજકુર આરોપીને સી.આર.પી.સી. કલમ ૪૧(૧) આઇ મુજબ આજરોજ કલાક ૧૧:૩૦ વાગ્યે અટક કારી ગોંડલ સીટી પોલીસ સ્ટેસન ને સોંપી આપેલ છે.

   **કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી**

   એસ.ઓ.જી. રાજકોટ ગ્રામ્ય અધિકારીશ્રી પોલીસ ઈન્સ. એમ.એન.રાણા તથા પો.સ.ઈન્સ વાય.બી.રાણા, તથા એસ.ઓ.જી. શાખાના પોલીસ કર્મચારીઓ હે.પો.કો. વિજયભાઇ ચાવડા તથા જયરાજસિંહ રાણા તથા ઉપેંદ્રાસિંહ જાડેજા, દિનેશાભાઇ ગોંડલીયા ,ધર્મેશભાઇ ચાવડા,રણજીતભાઇ ધાંધલ તથા સાહિલભાઇ ખોખર સદરહુ બધા આ કામગીરી માં રોકાયેલ હતા.

3. **તા.24/ 10/ 2018 શ્રીનાથ ગઢ ગામ ખાતેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ પકડી પાડતી ગોંડલ તાલુકા પોલીસ**

   પોલીસ અધિક્ષક રાજકોટ ગ્રામ્ય રાજકોટ શ્રી બલરામ મીણા સાહેબ રાજકોટ ની સુચનાથી અને નાયબ પોલીસ અધિક્ષક સાહેબ ગોંડલ વિભાગ ગોંડલ નાઓના માર્ગદર્શન હેઠળ દારૂ અને જુગારના કેસો શોધી કાઢી આવી પ્રવૃતિ નેસ્તનાબુદ કરવાની સુચના મળેલ હોય જે અંગે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પો હેડ કોન્સ ધર્મેન્દ્રસિંહ જાડેજા નાઓને મળેલ બાતમી હકિકતના આધારે પ્રો.પો.સબ.ઇન્સ એન વી હરિયાણી તથા સ્ટાફના માણસો પો.હેડ.કોન્સ p b વાલાણી તથા પો.કોન્સ

હરિચંદ્રસિંહ ઝાલા વિગેરે નાઓને ગોંડલ તાલુકા પો.સ્ટે વિસ્તારના શ્રીનાથ ગઢ ગામનો હર્ષદ ઉર્ફે હકો ભુપતભાઈ પટોળીયા પોતાના કબ્જા ભોગવટાના રહેણાક મકાને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રાખેલ છે તેવી ચોકકસ આધારભુત હકીકત મળતા તે બાબતે આજરોજ તા.24/ 10/ 18 ના કલાક.14/ 45 વાગ્યે રેઇડ કરતા મજકુર હર્ષદ ભુપતભાઈ પટોડીયા નાસી ગયેલ અને તેના રહેણાક મકાને ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ.ની રોયલ ચેલેન્જ વ્હીસ્કી ફોર સેલ ઇન હરીયાણા બ્રાન્ડની કંપનીશીલ પેક કુલ બોટલ નંગ- 18 તથા રોક સ્ટાર ડિલક્ષ વ્હીસ્કી ફોર સેલ ઇન અરુણાચલ પ્રદેશ બ્રાન્ડની કંપની શીલ પેક કુલ બોટલ નંગ- 1 મળી કુલ બોટલ નંગ- 19 કિ.રૂ.11100/- નો મુદ્દામાલ મળી આવતા મજકુર ઇસમ વિરૂધ્ધ પ્રોહી કલમ- ૬૫(ઇ),૧૧૬(બી) મુજબ ગોંડલ તાલુકા પો.સ્ટે ગુન્હો રજી.કરાવેલ છે.

સદરહુ કામગીરી ગોંડલ તાલુકા પો.સ્ટે.ના પ્રો.પો .સબ.ઇન્સ એન વી હરિયાણી તથા પો.હેડ.કોન્સ ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા પો હેડ કોન્સ p b વાલાણી તથા હરિચંદ્રસિંહ ઝાલા વિગેરેનાઓએ ટીમવર્કથી કરેલ છે.

4. **<u>વિંછીયામાં દારૂનો જથ્થો પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.</u>**

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબનાઓની સુચના અન્વયે એલ.સી.બી. ને લગતી કામગીરીમાં હતા તે દરમ્યાન એલ.સી.બી.રાજકોટ ગ્રામ્ય ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી જે.એમ.ચાવડા તથા પો.સબ.ઇન્સ.શ્રી એચ.એ.જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ મળેલ હકિકત આધારે વિંછીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂની બોટલો નંગ-૧૨ કુલ કિં. રૂા.૩૬૦૦/- ની તથા ભારતીય બનાવટ ના બીયર ટીન નંગ-૧૨૦ કિં. રૂા.૧૨૦૦૦/- ના તથા કુલ બોટલો નંગ-૧૨ મળી કુલ કિંમત રૂા. ૧૫,૬૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિં.રૂ.૫૦૦/- મળી કુલ રૂા.૧૬,૧૦૦/- મુદામાલ પકડી પાડવામાં આવેલ છે. અટક કરેલ આરોપીઓ- (૧) મુન્નાભાઇ મગનભાઇ ઝાપડીયા જાતે-કોળી ઉ.વ.-૨૪ રહે-રેવાણીયા, તા.વિંછીયા, જી.રાજકોટ કબજે કરેલ મુદામાલ- પાર્ટી સ્પેશ્યલ ડીલક્સ વ્હીસકી, ફોર સેલ ઇન અરૂણાચલ પ્રદેશ ઓન્લી લખેલ ૭૫૦ એમ.એલ. ની કંપની સીલ પેક પરપ્રાંતીય ભારતીય બનાવટની ઇગ્લીંશ દારૂની બોટલો નંગ-૧૨ કુલ કિં.રૂા.૩,૬૦૦/- ભારતીય બનાવટના ખજુરાહો પ્રાઇડ ઓફ ઇન્ડીયા સુપરસ્ટ્રોગ બીયર ૫૦૦ એમ.એલ., ના બીયર ટીન નંગ-૧૨૦ કિં.રૂા. ૧૨,૦૦૦/- એમ કુલ બોટલો નંગ-૧૨ તથા બીયર ટીન નંગ-૧૨૦ કુલ કિં.રૂા.૧૫,૬૦૦/-

**<u>કામગીરી કરનાર ટીમ –</u>**

આ કામગીરીમાં રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી જે.એમ.ચાવડા તથા પો.સબ ઇન્સ. શ્રી એચ.એ.જાડેજા તથા એ.એસ.આઇ. પ્રભાતભાઇ બાલાસરા તથા પો.કોન્સ. હિતેષભાઇ અગ્રાવત, ભોજાભાઇ ત્રમટા, મેરૂભાઇ મકવાણા. એ.એસ.આઇ. અમુભાઇ વિરડા નાઓ દ્વારા કરવામાં આવેલ છે.

5. **<u>પડધરી રેલવે બ્રિજ નજીક રોડ પરથી બે ઇસમોને ગેરકાયદેસર પિસ્ટલ સાથે પકડી પાડતી પડધરી પોલીસ</u>**

મ્હે પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ગોંડલ ડિવિઝન એચ. એમ. જાડેજા સાહેબની સુચના મુજબ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી ગેરકાયદેસર હથિયારો ધરાવતા ઇસમોને પકડી પાડવા સૂચના આપેલ હોય જે અન્વયે પડધરી પો. સ્ટેના પો.સબ.ઇન્સ શ્રી જે વી વાઢિયા તથા સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો સબ ઇન્સ શ્રી જે વી વાઢીયા સાહેબ ને મળેલ હકીકત આધારે પડધરી પો. સ્ટેશનના બાયપાસ રેલવે ઓવર બ્રિજ નજીક રોડ પરથી બે ઈસમો ઇકો કાર લઈને ગે કા હથિયાર સાથે નીકળનાર હોય જે હકીકત આધારે વાહન ચેકિંગ દરમિયાન આરોપી નંબર 1 આસીફ ઐયુબભાઈ જલવાની તથા નંબર 2 ઈકબાલભાઈ ઉમરભાઈ સંધિ રહે બંને રાજકોટ વાળા પાસેથી ગેરકાયદેસર હથિયાર પિસ્ટલ નંગ 1 કી રૂપિયા 15000/- સાથે પકડી પાડી ધોરણ કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સદર

હથિયાર આપનાર વિશાલ પાંડે રહે હાલ રાજકોટ મૂળ યુપી વાળા ને પકડવા ચક્રો ગતિમાન કરેલ છે આ કામગીરીમાં પો.સબ.ઇન્સ શ્રી જે. વી. વાઢીયા તથા પો.કોન્સ યુવરાજસિંહ,જયેન્દ્રસિંહ, પ્રભાતભાઈ, ધર્મેશભાઈ ડ્રાઈવર અયુબખાન વિગેરે જોડાયા હતા

6. **પડધરી ટાઉન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેસ પકડી પાડતી પડધરી પોલીસ**

મ્હે પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ગોંડલ ડિવિઝન એચ. એમ. જાડેજા સાહેબની સુચના મુજબ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી જુગાર અંગે ની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ હોય જે અન્વયે પડધરી પો. સ્ટેના પો.સબ.ઇન્સ શ્રી જે વી વાઢિયા તથા સ્ટાફ નાઈટ રાઉન્ડમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો કોન્સ. અયુબખાન નાઓને મળેલ હકીકત આધારે પડધરી ટાઉન વિસ્તારના ગીતા નગર માંથી જાહેરમાં જુગાર રમતા આરોપીઓને પકડી પાડી જુગારધારા મુજબ ધોરણ કાર્યવાહી કરવામાં આવેલ છે.(1) રાજવીરસિંહ રામગોપાલ બરસેના રહે પડધરી(2) રનસિંહ નેવારામ કોસ્તુવાર રહે પડધરી (3) સોનુભાઇ જેસીંગભાઇ રામાવત રહે પડધરી (4) પવનકુમાર અશોકભાઈ ચૌહાણ રહે પડધરી (5) મનોજભાઈ બાબુરામ કુસ્તવા રહે પડધરી (6) શોબરન હરકીશન ધોહીરી રહે. પડધરી (7) રામવીર રામગોપાલ બરસેના રહે. પડધરી ઉપરોકત આરોપીઓ પાસેથી જુગાર નું સાહિત્ય તથા કુલ રોકડા રૂ 20,110/- તથા મોબાઈલ નંગ 6 કિ.રૂ 6,000/- તથા મોટર સાયકલ નંગ 3 કિ.રૂ. 45,000/- મળી કુલ મુદ્દામાલ રૂ 71,110/- નો મુદ્દામાલ મળી આવેલ છે

આ કામગીરીમાં પો.સબ.ઇન્સ શ્રી જે. વી. વાઢીયા તથા પો હેડ કોન્સ ફીરોઝભાઇ, દીલીપસિંહ તથા પો.કોન્સ યુવરાજિં સિંહ, કૃપાલભાઇ, ડ્રાઈવર અયુબખાન વિગેરે જોડાયા હતા

7. **જેતપુર સીટી પો.સ્ટે. ના ઘરફોડ ચોરી નો રીઢો આરોપી ને પકડી પાડતી Dy.s.p જેતપુર જે.એમ.ભરવાડ સાહેબ ની ટીમ**

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબની સુચના થી જેતપુર Dy.s.p શ્રી જે.એમ.ભરવાડ સાહેબ માર્ગદર્શન હેઠળ આજરોજ જેતપુર સીટી PSI શ્રી વી.એ.પરમાર સાહેબ, PC નારણભાઈ પંપાણીયા , બાપાલાલ ચુડાસમા , પ્રવીણભાઈ ચાવડા , વિશાલાભાઈ સોનારા એમ બધા જેતપુર ડીવી.વિસ્તાર માં પેટ્રોલીગ માં હતા . તે દરમ્યાન મળેલ હકિકત આધારે જેતપુર સીટી પો.સ્ટે.। ગુરન ૧૩૧/૨૦૧૮ IPC કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ ગુન્હા ના કામે આરોપી નરૂ @ નરીયો બાલુભાઈ અજનારા જાતે.ભીલ ઉવ.૨૯ રે.ખોડલીયા તા.સુગસી જી.ધાર ( એમ.પી ) હાલ.જેતપુર વાળા ને પકડી પાડી ઘરફોડ ચોરી ડીટેકટ કરી જેતપુર સીટી પો.સ્ટે આગળ ની કાર્યવાહી કરવા સોપી આપેલ .

8. **રાજકોટ ગ્રામ્ય જીલ્લાના વિંછીયા પો.સ્ટે.ની હદના થોરીયાળી ગામે બનેલ ફાયરીંગના બનાવના પગલે ગુન્હો રજી.કરી આરોપીને દેશી તમંચા સાથે પકડી ગુન્હો ડીટેક્ટ કરતી વિંછીયા પોલીસ**

વિંછીયા પો.સ્ટે.ના થોરીયાળી ગામે ગઇ કાલ તા.૨૭/૧૦/ ૨૦૧૮ ના આશરે બપોરે ક.૧૧/ ૩૦ વાગ્યે ગામના ચોકમાં આવેલ ધનશ્યામભાઇ જીવાભાઇ રાજપરા પોતાની કરિયાણાની દુકાને હાજર હોય ત્યારે તેમના પિતા જીવાભાઇ રામાભાઇ રાજપરા નાઓ તેઓની દુકાને આવેલ અને આ ધનશ્યામભાઇ જીવાભાઇના પુત્ર થતા હોય અને આ ધનશ્યામભાઇ પોતાના પિતા જીવાભાઇને ખાધા ખોરાકીના રૂપિયા ન આપતો હોય જે બાબતનો રાગ દ્વેશ રાખી જીવાભાઇ રામાભાઇએ પોતાના દિકરા ધનશ્યાભાઇ જીવાભાઇ ઉપર દેશી તમંચા વડે ફાયરીંગ કરી પેટના ભાગે નવ થી દસ જગ્યાએ લોખંડના નાના છરા ધુસાડી દઇ ઇજા પહોચાડી જીવલેણ હુમલો કરેલ જે બાબતે વિંછીયા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૩૭/૧૮ IPC કલમ-૩૦૭ તથા આર્મ્સ એક્ટ કલમ -૨૫(૧)(એ-બી), ૨૭(૨) તથા જી.પી. એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો રજી. કરી જે બાબતે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ મ્હે.

પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ,  રાજકોટ ગ્રામ્ય, રાજકોટનાઓએ ઉપરોક્ત ગુન્હાના આરોપીને પકડી પાડી હથિયાર કબજે કરવા સુચના કરેલ હોય જેથી શ્રી નાયબ પોલીસ અધિક્ષક શ્રી એચ.એમ. જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ. વી.એમ. કોલાદરા વિંછીયા પો.સ્ટે. તથા પો.હેડ.કોન્સ. જેન્તીભાઇ ખીમાભાઇ તથા પો.કોન્સ. લક્ષ્મણભાઇ ઠાકરશીભાઇ તથા અમૃતભાઇ ચતુરભાઇ તથા રાજાભાઇ ભીખાભાઇનાઓ આરોપીની તપાસમાં વિંછીયા ટાઉન વિસ્તારમાં હોય તે દરમ્યાન ઉપરોક્ત આરોપી જીવાભાઇ રામાભાઇ રાજપરાનાઓનેવિંછીયા જુના પુલ પાસેથી પકડી પાડેલ હોય તેની પાસેથી ગુન્હામાં વપરાયેલ દેશી હાથ બનાવટનો તમંચો તથા એક ફટાકડો તથા મોબાઇલકબજે કરી આરોપીને ઉપરોક્ત ગુન્હાના કામે અટક કરી આગળની તપાસ હાથ ધરેલ છે

## કબજે કરેલ મુદ્દામાલ

| | | |
|---|---|---|
| (૧) | દેશી હાથ બનાવટનો તમંચો | કી.રૂ.૫,૦૦૦/ - |
| (૨) | એક મોબાઇલ | કી.રૂ.૫૦૦/ - |
| (૩) | એક ફટાકડો તથા દારૂ ગોળાની ટીકડીઓ | કી.રૂ.૦૦/ - |

9. **પ્રોહી બીશનના  ગુનામાં છેલ્લા આઠેક મહીનાથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. બ્રાંચ**

પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબ રાજકોટ ગ્રામ્ય રાજકોટના ઓ દ્વારા જિલ્લામા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે અસરકારક કાર્યવાહી કરવા સુચના કરેલ હોય,આજરોજ તા.૨૭/૧૦/૨૦૧૮ ના પોલીસ ઈન્સ. શ્રી એમ.એન.રાણા તથા પો.સ.ઈન્સ.શ્રી વાય.બી.રાણા, તથા એસ.ઓ.જી. શાખાના પોલીસ કર્મચારીઓ સાથે એસ.ઓ.જી.ને લગતી કામગીરીમા ધોરાજી પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન હે.પો.કો. વિજયભાઇ ચાવડા તથા જયરાજસિંહ રાણા નાઓને બાતમીરાહે મળેલ હકિકત મળેલ કે ધોરાજી પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.-૧૧૩/૨૦૧૮ આઇ.પી.સી. ક.-૩૭૯ ના કામના નાસતા ફારતા આરોપી ઇમ્તિયાઝ ઉર્ફે મુનો જુસબભાઇ જુણેજા રહે વડાળી તા.- ઉપલેટા વાળા  સુપેડી ગામે નેશનલ હાઇવે ખોડીયાર હોટેલે ઉભો છે તેવી ચોક્કસ હક્કિત મળતા તુરંત જ મળેલ હક્કિત મુજબ હોટેલ પર આવી ત્યાં ઉભેલ  ઇસમ નું નામઠામ પુંછતા પોતે પોતાનુ નામ આરોપી ઇમ્તિયાઝ ઉર્ફે મુનો જુસબભાઇ જુણેજા ઉ.વ.-૩૭ રહે.- રહે વડાળી તા.- ઉપલેટા વાળા હોવાનુ જણાવેલ જેથી મજકુર ઇસમ ધોરાજી પોલીસ સ્ટેશન ના ગુના નંબર ૧૧૩/૨૦૧૭ના કામે નાસ્તો ફરતો હોય  મજકુર આરોપીને સી.આર.પી.સી. કલમ ૪૧(૧) આઇ મુજબ આજરોજ કલાક   ૧૬:૩૦ વાગ્યે અટક કારી ધોરાજી પોલીસ સ્ટેસન ને સોંપી આપેલ છે.

**કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી**

એસ.ઓ.જી. રાજકોટ ગ્રામ્ય અધિકારીશ્રી પોલીસ ઈન્સ. એમ.એન.રાણા તથા પો.સ.ઈન્સ વાય.બી.રાણા, તથા એસ.ઓ.જી. શાખાના પોલીસ કર્મચારીઓ હે.પો.કો. વિજયભાઇ ચાવડા તથા જયરાજસિંહ રાણા તથા ઉપેંદ્રાસિંહ જાડેજા, દિનેશાભાઇ ગોંડલીયા ,ધર્મેશભાઇ ચાવડા,રણજીતભાઇ ધાંધલ તથા સાહિલભાઇ ખોખર સદરહુ બધા આ કામગીરી માં રોકાયેલ હતા.

10. **જુનાગઢ જિલ્લાના માણાવદર પો.સ્ટે. ફ્સ્ટ ગુ.ર.ન. ૪૯/૨૦૧૮ ઇ.પી.કો.ક. ૩૯૪,૩૯૭ મુજબ આંગડીયા લુંટનો ભેદ ઉકેલતી રાજકોટ ગ્રામ્યની ભાયાવદર પોલીસ**

મહે પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ, રાજકોટ ગ્રામ્ય, રાજકોટનાઓની સુચનાથી તથા શ્રી નાયબ પોલીસ અધિક્ષક જે.એમ. ભરવાડ સાહેબના માર્ગદર્શન હેઠળ અમો તથા પો.સ્ટે.ના સ્ટાફ સાથે પો.સ્ટે. ગઇ તા.૨૬/૧૦/૨૦૧૮ ના રોજ ભાયાવદર પો.સ્ટે.ના પો.હેડ કોન્સ. મયુરભાઇ

રતીલાલ કોરડીયા તથા પો.કોન્સ. મયુરભાઇ સુરેશભાઇ સોલંકીનાઓને ખાનગી રાહે હકીકત મળેલ કે માણાવદર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.ન. ૪૯/૧૮ ઇ.પી.કો.ક. ૩૯૪,૩૯૭ મુજબના ગુન્હામાં શંકાસ્પદ મો.સા. નંબર ૧૪૦૯ વાળુ ભાયાવદર અરણી ગોલાઇ પાસે બહારના પરપ્રાંતીય મજુરોના ઝુપડા પાસે પડેલ છે. જેની બે દિવસથી વોચમાં રહેતા આજરોજ મો.સા. નંબર ૧૪૦૯ વાળામાં શંકાસ્પદ બે ઇસમો મળી આવેલ

પકડાયેલ આરોપી-

(૧) સબુરભાઇ જોખલાભાઇ મૈડા જાતે આદીવાસી ભીલ ઉ.વ. ૩૦ ધંધો મજુરીકામ રહે હાલ ભાયાવદર અરણી રોડ ગોલાઇમાં તા. ઉપલેટા મુળ રહે ગામ પીટોલ ભીમ ફળીયા તા.જિ. જાબંવા રાજય મધ્યપ્રદેશ(૨) પપ્પુ શંકરભાઇ મૈડા જાતે આદીવાસી ભીલ ઉ.વ. ૨૧ ધંધો મજુરીકામ રહે હાલ ભાયાવદર અરણી રોડ ગોલાઇમાં તા. ઉપલેટા મુળ રહે ગામ પાડલજોશા ફળીયુ પીટોલ તા.કુંદનપુર જિ. જાબંવા રાજય મધ્યપ્રદેશઉપરોકત બંનેની પુછપરછ કરતા ઉપરોકત ગુન્હાની કબુલાત આપેલ

**<u>નાસી જનાર આરોપીઓ-</u>**

(૩) સુરેશભાઇ મૈડા રહે પીટોલ પાડલજોશા ફળીયુ તા. કુંદનપુર જિ. જાબંવા (એમ.પી.)

(૪) પંકજ મૈડા રહે ગામ નાગણખેડી તા. કુંદનપુર જી.જાંબવા (એમ.પી.)

(૫) દિનેશભાઇ ભીલવાડ ગામ લબેલા તા.જિ. જાબંવા એમ.પી.

ઉપરોકત પાંચેય ઇસમોએ માણાવદર તાલુકાના સુલતાનાબાદ ગામ રોડ ઉપર લુંટ કરવાના ઇરાદે ફરીયાદીને માથાના ભાગે મારી ૨૦ થી ૨૫ લાખ રૂપીયા તથા ૨ મોબાઇલ ફોનની લુટ કરી ભાયાવદર પડવલા રોડ ઉપર પૈસાનો ભાગ પાડેલ અને આરોપી નંબર (૧),(૨)તથા (૫)ના ઝુપડામાંથી રોકડ રૂપીયા તથા મો.સા.-૨ તથા મોબાઇલ ફોન નંગ-૨ મુદામાલ કબજે કરવામાં આવેલ છે.

**<u>મુદામાલની વિગત</u>**

(૧) સબુરભાઇ જોખલાભાઇ મૈડા જાતે આદીવાસી ભીલ વાળાના ઝુપડામાંથી રોકડ રૂપીયા- ૫,૧૨,૫૮૦/- તથા ગુન્હામાં વાપરેલ સુપર સ્પેન્ડર મો.સા. નંબર જી.જે. ૩ ડી.કે.-૧૪૦૯ વાળું કિ.રૂ.૩૦૦૦૦/- નું ગણી કબજે કરેલ છે.

(૨) પપ્પુ શંકરભાઇ મૈડા જાતે આદીવાસી ભીલ વાળાના ઝુપડામાંથી રોકડ રૂપીયા- ૫,૧૩,૪૦૦/- કબજે કરેલ છે.

(૩) દિનેશભાઇ ભીલવાડ ગામ લબેલા તા.જિ. જાબંવા એમ.પી. ભાગી જનારના ઝુંપડામાંથી રોકડ રૂા.-૨,૩૧,૮૦૦/- તથા ગુન્હામાં વાપરેલ હોન્ડા સાઇન મો.સા. નંબર જી.જે. ૨૭ એ એમ ૪૯૦૧ વાળુ કિ. રૂા.૩૦,૦૦૦/- ની ગણી કબજે કરેલ છે.

(૪) મોબાઇલ ફોન નંગ-૨ કિ. રૂા. ૧૦૦૦/-ની ગણી કબજે કરેલ છે

એમ કુલ રોકડ રૂપીયા-૧૨,૫૭,૭૮૦ તથા મો.સા.-૨ કિ.રૂા.૬૦૦૦૦/- તથા મો.ફોન નંગ-૨ કિ.રૂા. ૧૦૦૦/- એમ કુલ મુદામાલ કિ.રૂા.૧૩,૧૮,૭૮૦/- નો કબજે કરવામાં આવેલ છે.

આ કામગીરીમાં ભાયાવદર પો.સ્ટે.ના એ.એસ.આઇ. એમ.એમ.મગરા, પો.હેડ કોન્સ. સંજયભાઇ કીહલા, પો.હેડ કોન્સ. મયુરભાઇ રતીલાલ કોરડીયા તથા પો.કોન્સ. મયુરભાઇ સોલંકી, પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ જાડેજા, પો.કોન્સ. વાસુદેવસિંહ જાડેજા, પો.કોન્સ. અર્જુનભાઇ ડાંગર, પો.કોન્સ. મનસુખભાઇ રંગપરા, પો.કોન્સ. મહાવીરસિંહ ડોડીયા, પો.કોન્સ. જયદેવભાઇ કીડીયા, તથા પો.કોન્સ. મનજીભાઇ ચૌહાણ મદદમાં સાથે રહેલ હતા.

**-----END-----**